ૐ

# ઈંદ્રિયપરાજયશતક

શ્રી રાજ સોભાગ સત્સંગ મંડળ
સાયલા
(આરાધના શિબિર તા. ૧૪-૧૧-૦૯ થી તા. ૧૮-૧૧-૦૯

# પ્રસ્તાવના

શ્રી રાજ – સોભાગ આશ્રમ ખાતે મુમુક્ષુ ઓના આત્મ કલ્યાણની સાધના માટે તા.૧૪–૧૧–૨૦૦૯ થી ૧૮–૧૧–૨૦૦૯ આરધના શિબિર ગોઠવવામાં આવેલ . તેમાં સાધકને આત્મસાધનામાં આગળ વધવા માટે ઇન્દ્રિયોના વિષયોનુ આકર્ષણ પ્રતિબંધ રૂપ અનાદિ કાળ થી રહેલ છે. તે ઇન્દ્રિયોના વિષયોઉપર કાબુ મેળવવો ખુબજ જરૂરી છે. જેથી જીવ સાધના માર્ગે પ્રગતી કરી શકે તેથી " ઈદ્રિય પરાજય શતક " પ્રશિક્ષણમાં વિષય તરીકે પ્રસંદ કરેલ છે.

આ શતક સાધકના જીવના અંતરને સ્પર્શી જાય તેવી રીતે ગુંથાયેલુ હવાથી સાધક અવશ્ય ઈદ્રિયોના વિષયો ઉપર યથાર્થ રીતે કાબુ લાવી શકશે.

સૌ સાધક આ શતકનું એકાગ્રતા પુર્વક ચિંતન મનન કરે અને ઈદ્રિયના વિષયો ઉપર કાબુ પ્રાપ્ત કરી ધ્યાન માર્ગ માં પ્રગતિ કરે એ જ અભ્યર્થના સહ.

શ્રી રાજ સોભાગ

સત્સંગ મંડળ

સાયલા

તા.૧૪–૧૧–૨૦૦૯

# ઇંદ્રિયપરાજય શતક

આ શતક એના નામ પ્રમાણે ગુણ ધરાવનારું છે. અનાદિકાળથી જીવો પાંચ ઇન્દ્રિયોના વિષયોને પરવશ બની, એ વિષયોના ગુલામ બની, એની નાગચૂડમાં ફસાઈને પરાજય પામી રહ્યા છે. ઇન્દ્રિયોની ગુલામીમાંથી મુક્ત કરાવનારું આ ઇન્દ્રિયપરાજયશતક અત્યારસુધીમાં કદાચ હાથમાં નહિ આવ્યું હોય અથવા હૈયે નહિ સ્પર્શ્યુ હોય, એમ સંભવે છે. કારણ હજી જીવો ઇન્દ્રિયોને પરાધીન જીવન જીવી રહ્યા છે.

ઇન્દ્રિયોને પરવશ, વિષયોના ગુલામ અને એના કારણે તાપ-સંતાપ અને પરિતાપ પામી રહેલા જીવો જો આ શતકનો સ્વાધ્યાય, એકતાન બનીને, એકરસ થઈને કરશે તો તેઓ વિજયી બન્યા વગર નહિ રહે !

સહુને આ શતક કંઠસ્થ કરી ચિંતન, મનન અને પરિશીલન દ્વારા હૃદયસ્થ-આત્મસ્થ બનાવી જીવનને દિવ્ય બનાવવા ખાસ ભલામણ છે. આ શતક અજ્ઞાતકર્તૃક છે.

# ઇંદ્રિયપરાજય શતક

सुच्चिअ सूरो सो चेव, पंडिओ तं पसंसिमो निच्चं ।
इंदियचोरेहिं सया, न लुंटिअं जस्स चरणधणं ॥ १ ॥

જેનું ચારિત્રધન ઇન્દ્રિયચોરો કદી નથી લૂંટી શક્યા તે જ આત્મા શૂરવીર છે અને તે જ પંડિત છે. તેની જ અમે સદા પ્રશંસા કરીએ છીએ. ૧.

इंदियचवलतुरंगो, दुग्गइमग्गाणुधाविरे निच्चं ।
भाविअभवस्सरूवो, रुंभइ जिणवयणरस्सीहिं ॥ २ ॥

દુર્ગતિને માર્ગે સદા દોડતા ઇન્દ્રિયરૂપી ચપળ અશ્વને ભવસ્વરૂપનો જ્ઞાતા જિનવચનરૂપી લગામથી રોકી રાખે છે. ૨

इंदियधुत्ताणमहो, तिलतुसमित्तंपि देसु मा पसरं ।
जइ दिन्नो तो नीओ, जत्थ खणो वरिसकोडिसमो ॥ ३ ॥

રે આત્મન્ ! ધૂર્ત એવી ઇન્દ્રિયોને તલના ફોતરા જેટલોય અવકાશ ન દઈશ. જો દીધો તો, જ્યાં એક ક્ષણ ક્રોડો વર્ષ સમાન છે; તે સ્થાનમાં તું દોરાયો સમજ. ૩

अजिइंदिएहिं चरणं, कट्ठं व घुणेहिं किरइ असारं ।
तो धम्मत्थीहिं दढं, जइअव्वं इंदियजयंमि ॥ ४ ॥

કીડાઓ વડે જેમ લાકડું અસાર કરાય છે, તેમ નહીં જિતેલી ઇન્દ્રિયોથી ચારિત્ર અસાર થાય છે. માટે ધર્માર્થીએ ઇન્દ્રિયોના વિજય માટે દૃઢ પુરુષાર્થ કરવો જોઈએ. ૪.

जह कागिणीइ हेउं, कोडिं रयणाण हारए कोइ ।
तह तुच्छविसयगिद्धा, जीवा हारंति सिद्धिसुहं ॥ ५ ॥

કાકિણી માટે ક્રોડ રત્ન જેમ કોઈ માનવી હારી જાય, તેમ તુચ્છ વિષયોમાં આસક્ત જીવો સિદ્ધિસુખને હારી જાય છે. ૫

तिलमित्तं विसयसुहं, दुहं च गिरिरायसिंगतुंगयरं ।
भवकोडिहिं न निट्ठइ, जं जाणसु तं करिज्जासु ॥ ६ ॥

વિષયસુખ તલમાત્ર છે, દુઃખ ગિરિરાજના શિખરથી પણ ઊંચુ (મોટું) છે. તે દુઃખ ક્રોડો ભવે પણ પૂર્ણ થતું નથી. હવે તને જેમ યોગ્ય લાગે તેમ કર ! ૬.

भुंजंता महुरा, विवागविरसा किंपागतुल्ला इमे,
कच्छु कंडुअणं व दुक्ख-जणया दाविंति बुद्धिसुहं ।
मज्झण्हे मयतिण्हिअव्व सययं मिच्छाभिसंधिप्पया,
भुत्ता दिंति कुजम्मजोणिगहणं, भोगा महावेरिणो ॥७॥

આ મહાન વૈરી ભોગો કિંપાકફળની જેમ ઉપભોગ સમયે મધુર પરંતુ પરિણામે વિરસ છે, ખરજ ખંજવાળવાની ક્રિયાની જેમ દુઃખજનક હોવા છતાં, તે કાલ્પનિક સુખ આપે છે. મધ્યાહ્ન કાળની મૃગ તૃષ્ણિકાની જેમ સતત મિથ્યા કલ્પના કરાવનાર વિષયભોગોના ઉપભોગથી અનિષ્ટ યોનિમાં જન્મ ગ્રહણ થાય છે. ૭

सक्का अग्गी निवारेउं, वारिणा जलिओ वि हु ।
सव्वोदहिजलेणावि, कामग्गी दुन्निवारओ ॥ ८ ॥

અગ્નિ પ્રજ્વલિત હોવા છતાં પાણીથી નિવારી શકાય છે, પરંતુ સર્વ સમુદ્રોના પાણીથી પણ કામાગ્નિ દુર્નિવાર્ય છે. ૯

विसमिव मुहंमि महुरा, परिणामनिकाम - दारुणा विसया ।
कालमणंतं भुत्ता, अज्जवि मुत्तुं न किं जुत्ता ? ॥ ९ ॥

પ્રારંભમાં મધુર અને પરિણામે અત્યંત ભયંકર વિષ સમાન વિષયોનો અનંતકાળસુધી ઉપભોગ કરવા છતાં શું તેનો ત્યાગ હજુએ ઉચિત નથી ? ૯

विसयरसासवमत्तो, जुत्ताजुत्तं न जाणइ जीवो ।
झुरइ कलुणं पच्छा, पत्तो नरयं महाघोरं ॥ १० ॥

વિષયરસ રૂપી મદિરાથી મત્ત બનેલો આત્મા યોગ્ય અયોગ્ય કશું જાણતો નથી. પરંતુ પછી મહાનરક પામીને કરુણ રીતે ઝૂરે છે. ૧૦

जह निंबदुमुप्पन्नो, कीडो कडुअंपि मन्नए महुरं ।
तह सिद्धिसुहपरुक्खा, संसारदुहं सुहं बिंति ॥ ११ ॥

લીમડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલ કીડો કટુ રસને પણ જેમ મધુર માને છે, તેમ સિદ્ધિસુખથી પરોક્ષ જીવો સંસારદુઃખને સુખ માને છે. ૧૨

अथिराण चंचलाण य, खणमित्तसुहंकराण पावाणं ।
दुग्गइनिबंधणाणं, विरमसु एआण भोगाणं ।। १२ ॥

અસ્થિર, ચંચળ, ક્ષણમાત્ર સુખદાયી, પાપી અને દુર્ગતિના કારણભૂત એવા ભોગોથી વિરામ પામો. ૧૨.

पत्ता य कामभोगा, सुरेसु असुरेसु तह य मणुएसु ।
न य जीव तुज्झ तित्ती, जलणस्स व कट्ठनियरेण ॥ १३ ॥

ઇચ્છિત ભોગો સુરલોકમાં, અસુરલોકમાં તેમજ મનુષ્યલોકમાં પ્રાપ્ત થયા, છતાંય કાષ્ઠના સમૂહથી જેમ અગ્નિ તૃપ્તિ ન પામે, તેમ હે જીવ ! તને તૃપ્તિ ન થઈ ! ૧૩

जहा य किंपागफला मणोरमा, रसेण वन्नेण य भुंजमाणा ।
ते खुड्डए जीविय पच्चमाणा, एओवमा कामगुणा विवागे ॥ १४ ॥

જેમ કિંપાકના ફળો રસે, રંગે અને ઉપભોગે મનોરમ હોવા છતાં પાચન પછી જીવિતનો ક્ષય કરે છે, તેમ આત્માના નાશમાં પરિણમતા કામગુણો કિંપાકફળની ઉપમાને યોગ્ય છે. ૧૪

सव्वं विलविअं गीअं, सव्वं नट्टं विडंबणा ।
सव्वे आभरणा भारा, सव्वे कामा दुहावहा ॥ १५ ॥

ગીત માત્ર જ્યારે આત્માને વિલાપરૂપ લાગે, નૃત્ય વિટંબણારૂપ જણાય, આભરણો ભારરૂપ લાગે અને વિષયો દુઃખદાયી લાગે, ત્યારે આત્મા અપૂર્વ ઉચ્ચસ્થિતિએ વિરાજી રહ્યો હોય. જગતનું બધું જ સુખ એને તૃણવત્ જણાય. સુરનરસુખને દુઃખ માનનાર સમ્યગ્દૃષ્ટિ આત્માની ઉચ્ચકક્ષાએ તે પહોંચી ચૂક્યો હોય, સંગીત એનું દિલ ન ડોલાવે, નૃત્ય એને મંત્રમુગ્ધ ન કરે, અલંકારો એને ન આકર્ષે, વિષયો એને ન ખેંચે. ૧૫

देविंदचक्कवट्टित्तणाइं, रज्जाइं उत्तमा भोगा ।
पत्ता अणंतखुत्तो, न य हं तत्तिं गओ तेहिं ॥ १६ ॥

ઐશ્વર્યયુક્ત દેવપણું તથા સાર્વભૌમત્વ અને રાજ્ય વગેરે ઉત્તમ ભોગસુખો અનંતવાર પ્રાપ્ત થયા તો પણ હું એથી તૃપ્ત ન થયો. ૧૬

संसारचक्कवाले, सव्वे वि य पुग्गला मओ बहुसो ।
आहारिआ य परिणामिया य, न य तेसु तित्तो हं ॥ १७ ॥

સંસારચક્રવાલમાં સર્વ પુદ્ગલો બહુવાર મેં આહાર રૂપે ગ્રહણ કર્યાં અને પરિણમાવ્યાં પરંતુ તેથી હું તૃપ્ત ન થયો. ૧૭.

उवलेवो होइ भोगेसु, अभोगी नोवलिप्पइ ।
भोगी भमइ संसारे, अभोगी विप्पमुच्चइ ॥ १८ ॥

ભોગસુખોમાં લિપ્તતા હોય છે, જ્યારે અભોગી અલિપ્ત હોય છે. ભોગી સંસારમાં પરિભ્રમણ કરે છે અને અભોગી તેથી મુક્ત બને છે. ૧૮.

अल्लो सुक्को अ दो छूढा, गोलया मट्टिआमया ।
दो वि आवडिआ कूडे, जो अल्लो तत्थ लग्गइ ॥ १९ ॥

एवं लग्गंति दुम्मेहा, जे नरा कामलालसा ।
विरत्ता उ न लग्गंति, जहा सुक्के अ गोलए ॥ २० ॥

માટીના બે પિંડ, એક ભીનો અને એક સૂકો, ભીંત સાથે જ્યારે અફાળવામાં આવે ત્યારે માત્ર ભીનો પિંડ ભીંત સાથે ચોંટી જાય છે. તે જ રીતે દુર્બુદ્ધિ અને વિષયલાલચુ મનુષ્યો વિષયોમાં લિપ્ત બને છે. જ્યારે વિરાગી આત્માઓ અલિપ્ત રહે છે. ૧૯-૨૦.

तणकट्ठेहि व अग्गी, लवणसमुद्दो नईसहस्सेहिं ।
न इमो जीवो सक्को, तिप्पेउं कामभोगेहिं ॥ २१ ॥

જેમ તૃણ અને કાષ્ઠથી અગ્નિ અને હજારો નદીઓથી લવણસમુદ્ર તૃપ્ત થતો નથી; તેમ કામભોગોથી આ આત્મા તૃપ્ત ન જ થઈ શકે. ૨૧

भुत्तूण वि भोगसुहं, सुरनरखयरेसु पुण पमाएणं ।
पिज्जइ नरएसु भेरव, कलकलतउतंबपाणाइं ॥ २२ ॥

સુરલોકમાં, નરલોકમાં અને વિદ્યાધરોના સ્થાનમાં ભોગસુખનો અનુભવ કરીને પણ ફરી પ્રમાદને પરિણામે, પ્રાણી ભયંકર નરકને વિષે ઉકળતા સીસાના અને ત્રાંબાના રસનું પાન કરે છે. ૨૨

को लोहेण न निहओ, कस्स न रमणीहिं भोलिअं हिअयं ।
को मच्चुणा न गहिओ, को गिद्धो नेव विसएहिं ? ॥ २३ ॥

લોભથી કોણ નથી હણાયું ? રમણીએ કોનું હૃદય નથી ભોળવ્યું ? મૃત્યુથી કોણ અગૃહીત રહી શક્યું છે ? વિષયસુખોમાં કોણ લુબ્ધ નથી બન્યું ? ૨૩.

खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अनिकामसुक्खा ।
संसारसुक्खस्स विपक्खभूआ, खाणी अणत्थाण उ कामभोगा ॥ २४ ॥

કામભોગો ક્ષણમાત્ર સુખદ અને દીર્ઘકાળ દુ:ખદ છે. એ અત્યંત દુ:ખદાયી અને અલ્પ સુખદાયી છે. સંસારથી મુક્ત થવામાં તે વિપક્ષભૂત છે તથા અનર્થોની ખાણરૂપ છે. ૨૪.

सव्वगहाणं पभओ, महागहो सव्वदोसपायट्टी ।
कामग्गहो दुरप्पा, जेणभिभूअं जगं सव्वं ॥ २५ ॥

સર્વ ગ્રહોનો ઉત્પાદક અને સર્વ દોષોનો પ્રકાશક મહાગ્રહ રૂપ કામગ્રહ એવો દુરાત્મા છે કે, જેનાથી સમગ્ર વિશ્વ દબાયું છે. ૨૫.

जह कच्छुल्लो कच्छुं, कंडुअमाणो दुहं मुणइ सुक्खं ।
मोहाउरा मणुस्सा, तह कामदुहं सुहं बिंति ॥ २६ ॥

ખરજ રોગથી ગ્રસિત જેમ ખરજને ખણતી વખતે દુ:ખને સુખરૂપ માને છે, તેમ મોહાતુર મનુષ્યો કામદુ:ખને સુખ કહે છે. ૨૬.

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे अ पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥ २७ ॥

વાસનાઓ શલ્ય છે, વાસનાઓ એ વિષ છે, વાસનાઓ આશી-વિષસર્પ સમાન છે. વિષયની ઇચ્છામાત્રથી, તૃપ્તિ તો દૂર રહી પણ જીવો અનિચ્છાએ દુર્ગતિમાં જાય છે. ૨૭.

विसए अवइक्खंता, पडंति संसारसायरे घोरे ।
विसएसु निरविक्खा, तरंति संसारकांतारे ॥ २८ ॥

વિષયની ઇચ્છાવાળા જીવો ઘોર સંસારસાગરમાં ડૂબે છે. વિષયનિરપેક્ષ આત્માઓ સંસારઅટવીને તરે છે. ૨૮.

छलिया अवइक्खंता, निरावइक्खा गया अविग्घेणं ।
तम्हा पवयणसारे निरावइक्खेण होअव्वं ॥ २९ ॥

વિષયની અપેક્ષા રાખતા આત્માઓ ઠગાયા છે, જ્યારે વિષયથી નિરપેક્ષ જીવો પરમપદને પામ્યા છે, તેથી નિરપેક્ષ બનવું એ જ પ્રવચનનો સાર છે. ૨૯.

विषयाविक्खो निवडइ, निरविक्खो तरइ दुत्तरभवोहं ।
देवी- दीवसमागय भाउअ - जुअलेण दिट्ठंतो ॥ ३० ॥

વિષયની અભિલાષા સેવતો આત્મા ભવસમુદ્રમાં ડૂબે છે, જ્યારે વિષયનિરપેક્ષ આત્મા દુસ્તર ભવોદધિને પણ તરી જાય છે. રત્નાદેવીના દ્વીપ ઉપર ગયેલા બે ભાઈઓના દૃષ્ટાંતથી તે જોઈ શકાય છે. ૩૦.

जं अइतिक्खं दुक्खं, जं च सुहं उत्तमं तिलोअंमि ।
तं जाणसु विसयाणं, वुड्ढिक्खयहेउअं सव्वं ॥ ३१ ॥

સકલ જગતમાં જે અતિતીક્ષ્ણ દુઃખ અને જે અત્યુત્તમ સુખ છે, તે બધું જ વિષયોની વૃદ્ધિ તથા ક્ષયનું પરિણામ છે એ સમજ. ૩૧.

इंदियविसयपसत्ता, पडंति संसारसायरे जीवा ।
पक्खिव्व छिन्नपक्खा, सुसीलगुणपेहुणविहुणा ॥ ३२ ॥

છેદાયેલી પાંખોવાળા પક્ષીઓની જેમ સારી શીલગુણરૂપ પાંખો વિનાના અને ઇંદ્રિયોના વિષયમાં આસક્ત આત્માઓ સંસારસાગરમાં પડે છે. ૩૨.

न लहइ जहा लिहंतो, मुहल्लियं अट्ठिअं जहा सुणओ ।
सोसइ तालुअरसिअं, विलिहंतो मन्नए सुक्खं ॥ ३३ ॥

महिलाण कायसेवी, न लहइ किंचिवि सुहं तहा पुरिसो ।
सो मन्नए वराओ, सयकायपरिस्समं सुक्खं ॥ ३४ ॥

જેમ શ્વાન નથી જાણતો કે પોતાના જ મુખથી આર્દ્ર થયેલ અસ્થિને ચાટતાં પોતાના જ તાલુને તે સૂકવી રહ્યો છે અને તે અસ્થિ ચાટતાં સુખ માને છે; તેમ સ્ત્રીસેવનમાં કશું ય સુખ ન મળવા છતાં નારીદેહને સેવતો પામરપુરુષ સ્વદેહના પરિશ્રમને જ સુખ માને છે. ૩૩-૩૪.

सुट्ठु वि मग्गिज्जंतो, कत्थ वि कयलीइ नत्थि जह सारो ।
इंदियविसएसु तहा, नत्थि सुहं सुट्ठु वि गविट्ठं ॥ ३५ ॥

સારીરીતે શોધતાં કેળમાં ક્યાંય સાર જણાતો નથી, એજ રીતે ઇંદ્રિયોના વિષયોમાં સારીરીતે શોધવા છતાં સુખ જણાતું નથી. ૩૫.

सिंगारतरंगाए, विलासवेलाइ जुव्वणजलाए ।
के के जयंमि पुरिसा, नारीनइए न बुड्डंति ॥ ३६ ॥

શૃંગાર જેના તરંગો છે, વિલાસ જેનો કિનારો છે અને યૌવન જેનું જળ છે, તે નારીનદીમાં જગતના કયા કયા આત્માઓ નથી ડૂબતા ? ૩૬.

सोअसरी दुरिअदरी, कवडकुडी महिलिया किलेसकरी ।
वइरविरोयणअरणी, दुक्खखणी सुक्खपडिवक्खा ॥ ३७ ॥

સ્ત્રી શોકની સરિતા છે, દુરિતની ગુફા છે, કપટની કુંડી છે, ક્લેશકારી છે, વૈરાગ્નિને ઉત્પન્ન કરવામાં અરણી છે, દુઃખની ખાણ છે અને સુખને રોકનારી છે. ૩૭.

अमुणिअ मणपरिकम्मो, सम्मं को नाम नासिउं तरइ ।
वम्महसरपसरोहे, दिट्ठिच्छोहे मयच्छीणं ॥ ३८ ॥

परिहरसु तओ तासिं, दिट्ठिं दिट्ठिविसस्सव्व अहिस्स ।
जं रमणिनयणबाणा, चरित्तपाणे विणासंति ॥ ३९॥

ચિત્તનું સંસ્કરણ જાણ્યા વિના, મૃગાક્ષીઓના કટાક્ષો રૂપી કામબાણના વિસ્તૃત સમૂહથી સારીરીતે નાસવાને કોણ સમર્થ છે ? તેથી દષ્ટિવિષસર્પની

દૃષ્ટિની જેમ તેની દૃષ્ટિમાં ન આવ, કારણ કે રમણીનાં નયનબાણો ચારિત્રપ્રાણોનો વિનાશ કરે છે. ૩૮-૩૯.

सिद्धंतजलहिपारंगओ वि, विजिइंदिओ वि सूरो वि ।
दढचित्तो वि छलिज्जइ, जुवइपिसाइहिं खुड्डाहिं ॥ ४० ॥

અગાધ સિદ્ધાંતસમુદ્રને પાર કરનાર, ઇંદ્રિયોનો વિજેતા, શૂરવીર કે દૃઢચિત્તવાળો આત્મા પણ યુવતીરૂપી ક્ષુદ્ર પિશાચણીઓથી ઠગાય છે. ૪૦.

मयणनवणीयविलओ, जह जायइ जलणसंनिहाणंमि ।
तह रमणि - संनिहाणे, विद्दवइ मणो मुणीणंपि ॥ ४१ ॥

અગ્નિના સાંનિધ્યમાં મીણ અને માખણ જેમ ઓગળે, તેમ સ્ત્રીના સાનિધ્યમાં મુનિઓનું મન પણ ઓગળે. ૪૧.

निअंगमाहिं सुपउराहिं, उप्पिच्छमंथरगइहिं ।
महिलाहिं निम्मगाहि व, गिरिवरगरुआ वि भिज्जंति ॥ ४२ ॥

નીચાણના ભાગમાં વહેતી અને દર્શનીય મંદગતિવાળી ઘણી નદીઓથી જેમ મહાન પર્વતો પણ ભેદાઈ જાય; તેમ દુર્ગુણોના નીચ પંથે જનારી અને મોહક મંદગતિવાળી અનેક સ્ત્રીઓથી મહાનપુરુષો પણ ચલિત થઈ જાય છે. ૪૨

विसयजलं मोहकलं, विलासबिब्बोअ, जलयराइन्नं ।
मयमयरं उत्तिन्ना, तारुण्णमहन्नवं धीरा ॥ ४३ ॥

વિષયજળથી ભરેલું, મોહકાદવથી યુક્ત, વિલાસ તથા હાવભાવરૂપી જલચરોથી આકીર્ણ અને મદરૂપી મગરમચ્છથી યુક્ત યુવાનીરૂપી મહાસાગરને ધીરપુરુષો જ તરી શક્યા છે ! ૪૩.

जइ वि परिचत्तसंगो, तवतणुअंगो तहा वि परिवडइ ।
महिलासंसग्गिए, कोसाभवणूसिय मुणिव्व ॥ ४४ ॥

સર્વસંગનો પરિત્યાગ કરવા છતાં અને તપદ્વારા દેહને કૃશ કરવા છતાં, સ્ત્રીના સંસર્ગથી સાધુનું, કોશાના ભવનમાં રહેલા મુનિની જેમ પતન થાય છે. ૪૪.

सव्वग्गंथविमुक्को, सीईभूओ पसंतचित्तो अ ।
जं पावइ मुत्तिसुहं, न चक्कवट्टी वि तं लहइ ॥ ४५ ॥

સર્વ બંધનથી વિમુક્ત, શાંત અને પ્રસન્નચિત્તવાળો આત્મા મુક્તિનું જે સુખ પ્રાપ્ત કરે છે, તે સુખ ચક્રવર્તી પણ પામતો નથી. ૪૫.

खेलंमि पडिअमप्पं, जह न तरइ मच्छिआवि मोएउं ।
तह विसयखेलपडिअं, न तरइ अप्पंपि कामंधो ॥ ४६ ॥

શ્લેષ્મમાં પડેલી માખી જેમ પોતાની જાતને પણ મુક્ત કરી શકતી નથી; તેમ વિષયરૂપી શ્લેષ્મમાં પડેલો કામાંધ આત્મા પોતાની જાતને પણ તેમાંથી મુક્ત કરી શકતો નથી ! ૪૬.

जं लहइ वीअराओ, सुक्खं तं मुणइ सुच्चिय न अन्नो ।
नहि गत्तासूअरओ, जाणइ सुरलोइअं सुक्खं ॥ ४७ ॥

જેમ દેવલોકના સુખને ગટરમાં - અશુચિમાં રહેલું ભૂંડ ન જાણે; તેમ વીતરાગપરમાત્મા જે સુખ અનુભવે છે, તે તેઓ જ જાણે છે, અન્ય નહીં. ૪૭.

जं अज्जवि जीवाणं, विसएसु दुहासवेसु पडिबंधो ।
तं नज्जइ गुरुआण वि, अलंघणिज्जो महामोहो ॥ ४८ ॥

દુઃખદાયી વિષયો પ્રત્યે હજુ પણ જીવોને જે મમત્વ છે, તેથી જોઈ શકાય છે કે- મહામોહ ભલભલાને ય અલંઘ્ય છે ! ૪૮.

जे कामंधा जीवा, रमंति विसएसु ते विगयसंका ।
जे पुण जिणवयणरया, ते भीरु तेसु विरमंति ॥ ४९ ॥

જે જીવો કામાંધ છે, તે શંકારહિત થઈને વિષયોમાં રમે છે પણ જેઓ જિનવચનમાં રક્ત રહે છે, તે પાપભીરુ આત્માઓ વિષયોથી પાછા ફરે છે ! ૪૯.

असुइमुत्तमलपवाहरूवयं, वंतपित्तवसमज्जफोफसं ।
मेयमंसबहु- हड्डकरंडयं, चम्ममित्तपच्छाइअं जुवइअंगयं ॥ ५० ॥

અશુચિ - મૂત્ર મળના પ્રવાહરૂપ, વમન-પિત્ત-નસો-ચરબી અને ફેફસા યુક્ત, તથા મેદ-માંસ અને ઘણાં હાડકાંના કરંડિયારૂપ યુવતીનો દેહ ચામડી માત્રથી જ ઢંકાયેલો છે. ૫૦.

मंसं इमं मुत्तपुरिसमीसं, सिंघाणखेलाइअ- निज्झरंतं ।
एअं अणिच्चं किमिआण वासं, पासं नराणं मइबाहिराणं ॥ ५१ ॥

માંસલ, મૂત્ર અને મળયુક્ત, લીંટ અને શ્લેષ્મ ઝરતું તથા કૃમિઓના આવાસરૂપ આ અનિત્ય શરીર, મતિરહિત મનુષ્યોને પાશરૂપ છે. ૫૧.

पासेण पंजरेण य, बज्झंति चउप्पया य पक्खीइ ।
इय जुवइपंजरेण य, बद्धा पुरिसा किलिस्संति ॥ ५२ ॥

ચાર પગવાળાં પ્રાણીઓ પાશથી અને પંખીઓ પિંજરાથી બંધાય છે; તેમ યુવતીરૂપી પિંજરથી બંધાયેલા પુરુષો ક્લેશ પામે છે. ૫૨.

अहो ! मोहो महामल्लो, जेण अम्हारिसा वि हु ।
जाणंता वि अणिच्चत्तं, विरमंति न खणंपि हु ॥ ५३ ॥

અહો ! મોહ એ મહામલ્લ છે, જેની અનિત્યતા જાણવા છતાં, અમારા જેવા પણ એ મોહથી ક્ષણ માત્ર વિરમતા નથી. ૫૩.

जुवइहिं सह कुणंतो, संसग्गिं कुणइ सयलदुक्खेहिं ।
नहि मुसगाणं संगो, होइ सुहो सह बिडालेहिं ॥ ५४ ॥

ઊંદરોને બિલાડીનો સંગ સુખ ન આપે, તેમ યુવતિઓની સાથે કરાતો સંસર્ગ સકલદુ:ખનું કારણ છે. ૫૪

हरिहरचउराणण - चंदसुर - खंदाइणो वि जे देवा ।
नारीण किंकरत्तं, कुणंति धिद्धी विसयतिण्हा ॥ ५५ ॥

વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિકસ્વામી વગેરે દેવો પણ નારીની ગુલામી કરે છે. ધિક્કાર છે વિષયતૃષ્ણાને ! ૫૫.

सीअं च उण्हं च सहंति मूढा, इत्थीसु सत्ता अविवेअवंता ।
इलाइपुत्तं व चयंति जाइं, जीअं च नासंति अ रावणुव्व ॥ ५६ ॥

મૂઢ અને અવિવેકી આત્માઓ સ્ત્રીઓમાં આસક્ત થઈને ઠંડી અને ગરમી સહન કરે છે, ઇલાચીપુત્રની જેમ જાતિનો ત્યાગ કરે છે અને રાવણની જેમ જીવિતનો પણ નાશ કરે છે. ૫૬.

वुत्तूण वि जीवाणं, सुदुक्कराइंति पावचरियाइं ।
'भयवं जा सा सा सा-' पच्चाएसो हु इणमो ते ॥ ५७ ॥

કહેવા પણ અતિમુશ્કેલ હોય તેવા જીવોના પાપચરિત્રો છે. ''ભગવન્ ! જે તે તે તે ?'' પ્રશ્નનો જવાબ પણ તે જ છે. ૫૭.

जललवतरलं जीअं, अथिरा लच्छी वि भंगुरो देहो ।
तुच्छा य कामभोगा, निबंधणं दुक्खलक्खाणं ॥ ५८ ॥

તૃણના અગ્રભાગ ઉપર રહેલા જળબિંદુ જેવું જીવિત છે, લક્ષ્મી અસ્થિર છે, દેહ ભંગુર છે તથા કામભોગો તુચ્છ અને લાખો દુ:ખોનું કારણ છે. ૫૮

नागो जहा पंकजलावसन्नो, दट्ठुं थलं नाभिसमेइ तीरं ।
एवं जीआ कामगुणेसु गिद्धा, सुधम्ममग्गे न रया हवंति ॥ ५९ ॥

કાદવયુક્ત જળમાં ખૂંચાઈ ગયેલો હાથી સ્થળને જોવાં છતાં કિનારે આવી શકતો નથી; તેમ વિષયોમાં ગૃદ્ધ જીવો સુધર્મમાર્ગમાં રક્ત બનતાં નથી. ૫૯.

जह विट्ठपुंजखुत्तो, किमी सुहं मन्नए सयाकालं ।
तह विसयासुइरत्तो, जीवो वि मुणइ सुहं मूढो ॥ ६० ॥

વિષ્ટાના સમૂહમાં ખૂંચી ગયેલો કીડો જેમ સદાકાળ એમાં જ સુખ માને છે; તેમ વિષયરૂપી અશુચિમાં રક્ત મૂઢ જીવ પણ એમાં જ સુખ માને છે. ૬૦.

मयरहरो व जलेहिं, तहवि हु दुप्पूरओ इमे आया ।
विसयामिसंमि गिद्धो, भवे भवे वच्चइ न तत्तिं ॥ ६१ ॥

પાણીથી સમુદ્ર ભરાવો જેમ મુશ્કેલ છે તેમ વિષયરૂપી માંસમાં લુબ્ધ બનેલ આ આત્માને તૃપ્તિ થવી મુશ્કેલ છે. ભવો ભવ વિષયોનો ઉપભોગ કરવા છતાં તે તૃપ્તિ પામતો નથી. ૬૧.

विसयविसट्टा जीवा, उब्भडरूवाइएसु विविहेसु ।
भवसयसहस्सदुलहं, न मुणंति गयंपि निअजम्मं ॥ ६२ ॥

વિષયવિષથી પીડાયેલા આત્માઓ સમજતા નથી કે લાખો ભવોથી દુર્લભ એવો પોતાનો જન્મ; ઉદ્ભટ રૂપ, રસ વગેરે વિવિધ વસ્તુઓના રાગમાં ચાલ્યો જાય છે. ૬૨.

चिट्ठंति विसयविवसा, मुत्तूणलज्जंपि के विगयसंका ।
न गणंति के वि मरणं, विसयंकुससल्लिआ जीवा ॥ ६३ ॥

કેટલાક આત્માઓ વિષયોને પરવશ રહે છે, જ્યારે કેટલાક લજ્જા પણ મૂકીને નિઃશંક (પાપના ભયવિનાના) બની જાય છે, વળી વિષય અંકુશથી ઘવાયેલા કેટલાય આત્માઓ મૃત્યુને પણ ગણતા નથી. ૬૩.

विसयविसेणं जीवा, जिणधम्मं हारिऊण हा नरयं ।
वच्चंति जहा चित्तयनिवारिओ बंभदत्तनिवो ॥ ६४ ॥

શ્રીચિત્રકમુનિએ રોકવા છતાં, બ્રહ્મદત્તરાજા જેમ નરકગામી બન્યો; તેમ અહા ! વિષયવિષથી પીડિત આત્માઓ જિનધર્મને હારીને નરકે જાય છે. ૬૪.

धिद्धी ताण नराणं, जे जिणवयणामयंपि मुत्तूणं ।
चउगइविडंबणकरं, पीयंति विसयासवं घोरं ॥ ६५ ॥

જે મનુષ્યો અમૃત જેવા જિનવચનને મૂકી ચાર ગતિની વિટંબણાઓ આપનાર વિષયમદિરાનું પાન કરે છે, તેમને ધિક્કાર હો ! ૬૫.

मरणे वि दीणवयणं, माणधरा जे नरा न जंपंति ।
ते वि हु कुणंति लल्लिं, बालाणं नेहगहगहिला ॥ ६६ ॥

માનયુક્ત જે માનવો મરતાં પણ દીનવચન બોલતા નથી, તેઓ પણ સ્નેહરૂપી ગ્રહથી પાગલ થઈને સ્ત્રીઓની ચાપલુસી કરે છે. ૬૬.

सक्को वि नेव खंडइ, माहप्पमडुप्फुरं जए जेसिं ।
ते वि नरा नारीहिं, कराविआ निअयदासत्तं ॥ ६७ ॥

જગતમાં જેમનું માહાત્મ્ય અને આડંબર શક્ર પણ ન ખંડી શકે તેવા પણ (મહા) માણસો પાસે સ્ત્રીઓએ પોતાનું દાસત્વ કરાવ્યું છે . ૬૭.

जउनंदणो महप्पा, जिणभाया वयधरो चरमदेहो ।
रहनेमि राईमई, रायमइंकासि ही विसया ॥ ६८ ॥

मयणपवणेण जइ, तारिसा वि सुरसेलनिच्चला चलिया ।
ता पक्कपत्तसत्ताण, इअरसत्ताण का वत्ता ॥ ६९ ॥

શ્રીનેમિનાથપ્રભુના ભાઈ, વ્રતધારી, ચરમશરીરી, યદુનંદન રથનેમિ પણ રાજીમતી પ્રત્યે રાગવાળા થયા. હા ! ધિક્કાર છે વિષયોને ! તેમના જેવા મેરુપર્વતસમાન નિશ્ચળ આત્મા પણ મદનરૂપી પવનથી ચલિત થયા પાકા પાન જેવા બીજા પામરમાનવની તો શી વાત કરવી ? ૬૮-૬૯.

जिप्पंति सुहेणं चिय, हरिकरिसप्पाइणो महाकूरा ।
इक्कुच्चिय दुज्जेओ, कामो कयसिवसुहविरामो ॥ ७० ॥

સિંહ, હસ્તિ અને સર્પાદિ મહાક્રૂર પ્રાણીઓ હજી જીતવા સહેલા છે પરંતુ શિવસુખને રોકનાર એક કામદેવ ખરેખર દુર્જેય છે! ૭૦.

विसमा विसयपिवासा, अणाइ भवभावणाइ जीवाणं ।
अइदुज्जेयाणि इंदिआणि, तह चंचलं चित्तं ॥ ७१ ॥

વિષયતૃષ્ણા વિષમ છે, જીવોની સંસારવાસના અનાદિકાળની છે, ઇંદ્રિયો અતિદૂર્જેય છે અને ચિત્ત ચંચળ છે. ૭૧.

कलमल- अरइ- असुक्खं, वाही दाहाइ विविहदुक्खाइं ।
मरणं पि अ विरहाइसु, संपज्जइ कामतवियाणं ॥ ७२ ॥

કામથી તપતા જીવોને કલમલ, અરતિની પીડા તેમ જ વ્યાધિ, દાહ આદિ વિવિધ દુઃખો પ્રાપ્ત થાય છે અને વિરહ વગેરેમાં તો મરણ પણ થાય છે. ૭૨.

पंचिंदियविसयपसंग करेसि, मणवयणकाय नवि संवरेसि ।
तं वाहिसि कत्तिअ गलपएसि, जं अट्ठकम्म नवि निज्जरेसि ॥ ७३ ॥

પાંચ ઇન્દ્રિયના વિષયોનો જો તું સંગ કરે છે, મન, વચન અને કાયાને જો તું પાપથી અટકાવતો નથી અને અષ્ટકર્મની જો નિર્જરા કરતો નથી તો તું તારા ગળાઉપર જ કાતર ચલાવે છે. ૭૩.

किं तुमंधो सि किं वा सि धत्तुरिओ,
अहव किं सन्निवाएण आऊरियो ।
अमयसमधम्म जं विसव अवमन्नसे,
विसमविस विसय अमियं व बहुमन्नसे ॥ ७४ ॥

તું શું અંધ છે ? કે શું તને ધતૂરાનો નશો ચઢ્યો છે અથવા તું શું સંનિપાતથી પીડાય છે કે જેથી અમૃતસમાન ધર્મને તું વિષની જેમ અવગણે છે અને વિષયરૂપી વિષમવિષનો તું અમૃતની જેમ બહુ આદર કરે છે. ૭૪.

तुज्झ तह नाणविन्नाण गुणडंबरो,
जलणजालासु निवडंतु जिय निब्भरो ।
पयइवामेसु कामेसु जं रज्जसे,
जेहिं पुण पुण वि निरयानले पच्चसे ॥ ७५ ॥

રે આત્મન્ ! તારો જ્ઞાન, વિજ્ઞાન અને ગુણનો ઘણો પણ આડંબર અગ્નિની જ્વાલામાં પડો કે તે હોવા છતાં પણ, જે વિષયો સ્વભાવથી જ વક્ર છે અને જેનાથી તું ફરી ફરી નરકના અગ્નિમાં પકાવાય છે, તેમાં તું આનંદ પામે છે. ૭૫.

दहइ गोसीससिरिखंडर छारक्कए, छगलगहणट्ठमेरावणं विक्कए ।
कप्पतरुतोडि एरंड सो वावए, जुज्जि विसएहिं मणुअत्तणं हारए ॥ ७६ ॥

તુચ્છ વિષયો માટે મનુષ્યભવને જે ગુમાવે છે તે રાખ મેળવવા માટે ગોશીર્ષચંદનને બાળે છે, બકરો મેળવવા માટે ઐરાવણ હાથીને વેચે છે અને કલ્પતરુ તોડી એરંડાને વાવે છે. ૭૬.

अधुवं जीविअं नच्चा, सिद्धिमग्गं विआणिआ ।
विणिअट्टिज्ज भोगेसु, आउं परिमिअमप्पणो ॥ ७७ ॥

આયુષ્ય પરિમિત જાણી, જીવિતને અસ્થિર જાણી, સિદ્ધિમાર્ગને

સમજનાર આત્માએ ભોગોથી વિરમવું જોઈએ. ૭૭.

सिवमग्गसंठिआण वि, जह दुज्जेआ जीआण पण विसया ।
तह अन्नं किंपि जए, दुज्जेअं नत्थि सयले वि ॥ ७८ ॥

મોક્ષની સાધનામાં સ્થિત આત્માઓને પણ પાંચ વિષયો જેટલા દુર્જેય છે, તેટલું સમગ્ર જગતમાં બીજું કશું દુર્જેય નથી. ૭૮.

सविडं उब्भडरुवा, दिट्ठा मोहेइ जा मणं इत्थी ।
आयहियं चिंतंता, दूरयरेणं परिहरंति ॥ ७९ ॥

પ્રગટ ઉદ્ભટરૂપ ધરતી જે સ્ત્રી જોવામાત્રથી દિલને મુગ્ધ બનાવે છે, તેનો આત્મહિતચિંતકો દૂરથી જ પરિહાર કરે છે. ૭૯.

सच्चं सुअं पि सीलं, विन्नाणं तह तवं पि वेरग्गं ।
वच्चइ खणेण सव्वं, विसयविसेणं जईणं पि ॥ ८० ॥

મુનિવરોનું સત્ય અને શ્રુત, શીલ અને વિજ્ઞાન, તથા તપ અને વૈરાગ્ય એ સર્વ, વિષયવિષથી ક્ષણમાત્રમાં વિનાશ પામે છે. ૮૦.

रे जीव ! मइविगप्पिय, निमेससुहलालसो कहं मूढ ! ।
सासयसुहमसमतमं, हारिसि ससिसोअरं च जसं ॥ ८१ ॥

રે મૂર્ખ જીવ ! મતિકલ્પનાના ક્ષણિકસુખનો લાલચુ થઈ અનુપમેય શાશ્વતસુખને અને ચંદ્રસમાન ઉજ્વળ યશને શા માટે હારે છે ? ૮૧.

पज्जलिअ विसयअग्गी, चरित्तसारं डहिज्ज कसिणं पि ।
सम्मत्तं पि विराहिअ, अणंतसंसारिअं कुज्जा ॥ ८२ ॥

પ્રજ્વલિત વિષયાગ્નિ ચારિત્રના સઘળાયે સારને ભસ્મીભૂત કરીને, સમ્યક્ત્વને પણ વિરાધીને, જીવને અનંતસંસારી બનાવે છે. ૮૨.

भीसणभवकंतारे, विसमा जीवाण विसयतिण्हाओ ।
जीए नडिआ चउदसपुव्वी वि रुलंति हु निगोए ॥ ८३ ॥

ભીષણ ભવાટવીમાં જીવોની વિષયતૃષ્ણાઓ વિષમ છે, કે જેનાથી પીડિત ચૌદપૂર્વધરો પણ નિગોદમાં રુલે છે. ૮૩.

हा विसमा हा विसमा, विसया जीवाण जेहि पडिबद्धा ।
हिंडंति भवसमुद्दे, अणंतदुक्खाइं पावंता ॥ ८४ ॥

જીવોના વિષયસુખો વિષમ છે ! હા વિષમ છે કે જે વિષયોના રાગમાં ફસાયેલા જીવો અનંત દુ:ખોને પ્રાપ્ત કરતાં કરતાં ભવસમુદ્રમાં ભટકે છે.૮૪.

मायींदजालचवला, विसया जीवाण विज्जुतेअसमा ।
खणदिट्ठा खणनट्ठा, ता तेसिं को हु पडिबंधो ॥ ८५ ॥

માયાવી ઈંદ્રજાળ જેવા ચપળ અને ક્ષણમાં દષ્ટિગોચર થઈ ક્ષણમાં નષ્ટ થતાં વીજળીના ચમકારા જેવા જેવોના વિષયો છે. માટે એના ઉપર, શું પ્રીતિ કરવી ? ૮૫.

सत्तु विसं पिसाओ, वेआलो हुअवहो वि पज्जलिओ ।
तं न कुणइ जं कुविआ, कुणंति रागाइणो देहे ॥ ८६ ॥

કુપિત રાગાદિ દોષો દેહમાં જે ભયાનકતા કરે છે, તે શત્રુ, વિષ, પિશાચ, વેતાલ કે પ્રજ્વલિત અગ્નિ પણ નથી કરતો. ૮૬.

जो रागाईण वसे, वसंमि सो सयलदुक्खलक्खाणं ।
जस्सवसे रागाई, तस्स वसे सयलसुक्खाइं ॥ ८७ ॥

જે રાગાદિને આધીન છે, તે સર્વ પ્રકારનાં લાખો દુ:ખોને આધીન છે, રાગાદિ જેને આધીન છે તેને સકલ સુખો આધીન છે. ૮૭.

केवल दुहनिम्मविए, पडिओ संसारसायरे जीवो ।
जं अणुहवइ किलेसं, तं आसवहेउअं सव्वं ॥ ८८ ॥

કેવલ દુઃખ જ જ્યાં નિર્માયું છે તે સંસાર-સાગરમાં પડેલો આત્મા, જે વ્યથા અનુભવે છે; તે સઘળી વ્યથા આશ્રવથી ઉત્પન્ન થયેલી છે. ૮૮.

ही संसारे विहिणा, महिलारूवेण मंडिअं जालं ।
बज्झंति जत्थ मूढा, मणुआ तिरिआ सुरा असुरा ॥ ८९ ॥

હા ! વિધિએ વિશ્વમાં સ્ત્રી રૂપી જાળ રચી છે, કે જેમાં મૂર્ખ માનવો, તિર્યંચો, દેવો અને દાનવો પણ ફસાય છે. ૮૯.

विसमा विसयभुअंगा, जेहिं डंसिया जिआ भववणंमि ।
कीसंति दुहग्गीहिं, चुलसीईजोणिलक्खेसु ॥ ९० ॥

વિષયભુજંગો વિષમ છે. તેનાથી ડંસ પામેલા જીવો ભવવનમાં ચોરાશીલક્ષ યોનિમાં દુઃખાગ્નિથી ક્લેશ અનુભવે છે. ૯૦.

संसारचारगिम्हे, विसयकुवाएण लुक्किआ जीवा ।
हिअमहिअं अमुणंता, अणुहवंति अणंतदुक्खाइं ॥ ९१ ॥

સંસારભ્રમણરૂપી ગ્રીષ્મઋતુમાં વિષયરૂપી ખરાબ પવનથી લૂ લાગેલા જીવો હિતાહિતને નહિ જાણવાથી અનંતદુઃખનો અનુભવ કરે છે. ૯૧.

हा हा दुरंतदुट्ठा, विसयतुरंगा कुसिक्खिआ लोए ।
भीसणभवाडवीए, पाडंति जिआण मुद्धाणं ॥ ९२ ॥

હા ! હા ! લોકમાં વિષયરૂપી અત્યંત દુષ્ટ અને કુશિક્ષિત અશ્વો મુગ્ધજીવોને ભીષણ ભવાટવીમાં પાડે છે. ૯૨.

विसयपिवासातत्ता, रत्ता नारीसु पंकिलसरंमि ।
दुहिआ दीणा खीणा, रुलंति जीवा भववणंमि ॥ ९३ ॥

વિષયપિપાંસાથી તપ્ત, નારીરૂપી કાદવના સરોવરમાં રક્ત, દુઃખિત, દીન અને ક્ષીણ આત્માઓ ભવવનમાં રુલે છે. ૯૩.

गुणकारिआइं धणिअं, धिइरज्जुनियंतिआइं तुह जीव ।
निअयाइं इंदिआइं, वल्लिनिअत्ता तुरंगुव्व ॥ ९४ ॥

રે આત્મન્ ! લગામથી નિયંત્રિત અશ્વની જેમ, સંતોષરજ્જુથી નિયંત્રિત થયેલી તારી ઈન્દ્રિયો તને ખૂબ જ ગુણકારી બનશે. ૯૪

मणवयणकायजोगा, सुनिअत्ता ते वि गुणकरा हुंति ।
अनिअत्ता पुण भंजंति, मत्तकरिणुव्व सीलवणं ॥ ९५ ॥

મનોયોગ, વચનયોગ અને કાયયોગ - તે પણ સુનિયંત્રિત હોય તો ગુણકર થાય છે, પરંતુ અનિયંત્રિત થયેલા તે શીલરૂપી વનને મત્ત હાથીની જેમ ભાંગી નાંખે છે. ૯૫.

जह जह दोसा विरमइ, जह जह विसएहिं होइ वेरग्गं ।
तह तह विन्नायव्वं, आसन्नं से अ परमपयं ॥ ९६ ॥

જેમ જેમ દોષો વિરામ પામે અને જેમ જેમ વિષયોથી વિરાગ થાય; તેમ તેમ તેનું પરમપદ નજીક જાણવું. ૯૬.

दुक्करमेएहिं कयं, जेहिं समत्थेहिं जुव्वणत्थेहिं ।
भग्गं इंदिअसिन्नं, धिइपायारं विलग्गेहिं ॥ ९७ ॥

ધૃતિરૂપી કોટનો આશ્રય કરીને રહીને જે સમર્થ યુવાન આત્માઓએ ઈન્દ્રયોના સૈન્યને ભગાડી મૂક્યું છે, તેમણે દુષ્કર કાર્ય કર્યું છે. ૯૭.

ते धन्ना ताण नमो, दासो हं ताण संजमधराणं ।
अद्धच्छीपिच्छरिओ, जाण न हिअए खडक्कंति ॥ ९८ ॥

અર્ધચક્ષુથી દૃષ્ટિ ફેંકનારી સ્ત્રીઓ જેમના હૃદયમાં વસતી નથી, તેમને ધન્ય છે, તેમને નમસ્કાર હો ! તે સંયમધરોનો હું દાસ છું. ૯૮.

किं बहुणा जइ वंछसि, जीव ! तुमं सासयं सुहं अरुअं ।
ता पीअसु विसयविमुहो, संवेगरसायणं निच्चं ॥ ९९ ॥

હે આત્મન્ ! વધારે કહેવાથી શું ? રોગરહિત શાશ્વતસુખને નિત્ય તું તલસે છે, તો વિષયવિમુખ બનીને સંવેગરસાયણનું નિત્ય પાન કર. ૯૯.